# સૌરાષ્ટ્ર તમિલ સંગમ કાર્યક્રમ માટે માત્ર ૨૪ કલાકમા જ ૧૦ હજારથી વધુનું રજીસ્ટ્રેશન

## રજીસ્ટ્રેશન બાદ સિલેક્ટ થયેલા મહેમાનો સ્પેશ્યલ ટ્રેન વડે ગુજરાતમાં આવશે : મહેમાનો સોમનાથ, પોરબંદર, દ્વારકા, રાજકોટ અને સ્ટેચ્યુ ઓફ યુનિટી જેવા સ્થળોની લેશે મુલાકાત

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર ખાતે મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલ, શ્રી મુળુભાઈ બેરા અને શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ આગામી ૧૭મી એપ્રિલથી શરૂ થવા જઈ રહેલા સૌરાષ્ટ્ર તમિલ સંગમ કાર્યક્રમ સંદર્ભે પ્રેસ કોન્ફરન્સને સંબોધન કર્યું હતું. ચેન્નઈ ખાતે ગત ૧૯મી માર્ચે આ સૌરાષ્ટ્ર તમિલ સંગમની જાહેરાત કરી તેના લોગો, થીમ સોન્ગ અને રજીસ્ટ્રેશન પોર્ટલનું અનાવરણ કરવામાં આવ્યું હતું. આ પોર્ટલ લોન્ચ થયાના ૨૪ કલાકમા ૧૦ હજારથી વધુ લોકોએ રજીસ્ટ્રેશન કરી આ સંગમને બહોળો પ્રતિસાદ આપ્યો હતો. આ ઉપરાંત સુપ્રસિદ્ધ ગાયક સુદેશ ભોસલે દ્વારા ગુજરાતી, હિન્દી અને તમિલ ભાષામાં ગવાયેલું સંગમનું થીમ સોંગ પણ સોશીયલ મીડિયામાં ખૂબ વાઈરલ થઈ રહ્યું છે.

સૌરાષ્ટ્ર તમિલ સંગમ કાર્યક્રમ અંતર્ગત ૧૫ દિવસના આ પ્રવાસમાં વેબસાઈટ પર રજીસ્ટ્રેશન બાદ સિલેક્ટ થયેલા મહેમાનોને સ્પેશ્યલ ટ્રેન વડે ગુજરાતમાં લાવવામાં આવશે. આ મહેમાનો ગુજરાતમાં સોમનાથ, પોરબંદર, દ્વારકા, રાજકોટ અને સ્ટેચ્યુ ઓફ યુનિટી (એકતા નગર) જેવા સ્થળોની મુલાકાત લેશે. આ કાર્યક્રમના મુખ્ય સ્થળ સોમનાથ ખાતે ૧૫ દિવસ દરમિયાન કલા, સંસ્કૃતિ, ઉદ્યોગ - વાણિજ્ય, યુવા અને શિક્ષણ સંબંધીત વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે.

લગભગ ૬૦૦ થી ૧૦૦૦ વર્ષ પહેલાંના સમયગાળા વચ્ચે થયેલા આક્રમણોને કારણે ગુજરાતના સૌરાષ્ટ્રમાંથી સ્થળાંતર કરીને અનેક લોકો તમિલનાડુના મદુરાઈની આસપાસના જિલ્લાઓમાં સ્થાયી થાય હતા, જે આજે પણ તમિલ સૌરાષ્ટ્રિયન તરીકે ઓળખાય છે. આ લોકોને ફરી પોતાના પૂર્વજોના વતન સાથે રૂબરૂ કરાવવા તેમજ ઉદ્યોગ, હાથ વણાટ, શિક્ષણ, સંસ્કૃતિ અને રમત-ગમતને આવરી લેવા માટે આ વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. સૌરાષ્ટ્ર તમિલ સંગમ સદીઓના અંતરાલ પછી આ લોકોનું સૌરાષ્ટ્ર સાથેનું અનોખું પુનઃમિલન હશે, જે એક ઐતિહાસિક ઘટના હશે.

પ્રવાસન અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રી શ્રી મુળુભાઈ બેરાએ જણાવ્યું હતું કે, બે રાજ્યોની સંસ્કૃતિ અને કલા વારસાના આદાન-પ્રદાન માટે આથી વિશેષ કોઈ આયોજન ન થઈ શકે. આ એક ઉમદા ઉપક્રમ છે જે દક્ષિણ ભારત અને સૌરાષ્ટ્રને ન માત્ર એક કરશે પરંતુ બંન્નેના વાણીજ્ય, વિચાર અને સંસ્કૃતિના આદાન પ્રદાનનું એક અનોખુ કાર્ય કરશે.

### શું છે સૌરાષ્ટ્ર તમિલ સંગમના લોગોની ખાસ વિશેષતા

સૌરાષ્ટ્ર તમિલ સંગમના લોગોમાં સાડી વડે તમિલ સૌરાષ્ટ્રિયન લોકોની સિલ્ક કાપડની કુશળતા અને ગુજરાતના ટેક્સટાઈલ ઉદ્યોગનો સંગમ છે. સોમનાથ મંદિર કે જ્યાંથી સૌરાષ્ટ્રિયન લોકોએ સ્થળાંતર કર્યું હતું અને મિનાક્ષી મંદીર કે જે મદુરાઈ પાસે જઈને વસ્યા, એ બંન્નેનું સંગમ દર્શાવે છે. નૃત્યની મુદ્રામાં ઉભેલી યુવતી એકબાજુ દાંડીયા તો બીજી બાજુ ભરતનાટ્યમ વડે બે સંસ્કૃતિનું સંગમ દર્શાવે છે. ઉપરની બાજુ તિરંગો 'એક ભારત શ્રેષ્ઠ ભારત'નો સંદેશ આપે છે, તો નીચેની બાજુ વાદળી રંગ બંને રાજ્યોનું સમુદ્ર સાથેનો સંગમ દર્શાવે છે. અને અંતમાં ત્રણ ભાષા, યજમાનની ગુજરાતી, મહેમાનની તમિલ અને વિશ્વ સુધી સંદેશો પહોંચાડવા અંગ્રેજી ભાષામાં સૌરાષ્ટ્ર તમિલ સંગમ લખવામાં આવ્યું છે. આ રીતે લોગોની અંદર એકેએક વસ્તુ કોઈને કોઈ વિચાર સાથે મુકવામાં આવી છે.

# મુખ્યમંત્રીશ્રી ૨૩ માર્ચે ગાંધીનગરમાં રાજ્ય સ્વાગતમાં નાગરિકોની રજૂઆતો-પ્રશ્નો સાંભળશે

ગાંધીનગર, તા.૨૧

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ ગુરૂવાર, તા.૨૩મી માર્ચે રાજ્ય સ્વાગત કાર્યક્રમમાં નાગરિકોની રજૂઆતો-પ્રશ્નો સાંભળશે.

આ 'સ્વાગત' ઓનલાઈન જનફરિયાદ નિવારણનો રાજ્યકક્ષાનો કાર્યક્રમ દર મહિનાના ચોથા ગુરૂવારે યોજવામાં આવે છે. તદઅનુસાર, આ ગુરૂવાર તા.૨૩મી માર્ચે મુખ્યમંત્રીશ્રી કાર્યાલયના જનસંપર્ક કક્ષ સ્વર્ણિમ સંકુલ-૨ ખાતે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ ઉપસ્થિત રહી પ્રજાજનોના પ્રશ્નો-સમસ્યાઓ સાંભળશે અને સંબંધિત સચિવો, અધિકારીઓ, વિભાગોના વડાઓને તેના સુચારૂ નિવારણ માટે માર્ગદર્શન આપશે.

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતમાં તેમના મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળ દરમ્યાન આ 'સ્ટેટ વાઈડ એટેન્શન ઓન ગ્રીવન્સીસ બાય એપ્લીકેશન ઓફ ટેક્નોલોજી' સ્વાગત કાર્યક્રમની શરૂઆત કરાવી છે.

# ફર્નિચર શોરૂમ મુડ ઓફ વુડને ઈન્ડિયન ડિઝાઈન એવોર્ડ મળ્યો



Mood Of Wood Company - ફર્નિચર શો રુમના માલિક ( એમ.ડી ) અરવિંદ શાહને તાજેતરમાં તાજ બેંગલુરુ ખાતે યોજાયેલ ઈન્ડીયા ડીઝાઈન એવોર્ડ વિતરણ ફંકશનમાં Blindwink તરફથી "Most Premium furniture Brand in Gujarat " તરીકેનો "Indian Design Award - 2023" અને સર્ટીફીકેટ એનાયત કરવામાં આવેલ છે..

Blindwink એ બેંગલુરુ કર્ણાટક ખાતે આવેલ માર્કેટ રિસર્ચ કંપની છે . Blindwink દ્વારા વિવિધ ક્ષેત્રે ઉત્કૃષ્ટ દેખાવ - પ્રદાન કરનારને દર વર્ષે Indian Design Award એનાયત કરી સન્માનિત કરવાનું કાર્ય કરે છે. ગત ૧૨મી માર્ચે તાજ બેંગલુરુ ખાતે યોજાયેલ એવોર્ડ ફંકશન માં Mood of Woodના માલિક અરવિંદ શાહ અને પૂર્ણિમા શાહએ આ એવોર્ડ સ્વીકાર્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, Mood Of Wood - furniture Shaw Room ૧૯૯૯ થી એટલે કે છેલ્લા ૩૪ વર્ષ થી કાર્યરત છે.અને હાલમા ગાંધીનગર અમદાવાદ ખાતે મળીને ૪ વિશાળ શો રૂમ અને વિશાળ ગ્રાહકો - ચાહકો ધરાવે છે. Mood of Wood Company કોર્પોરેટ, Govt. ટેન્ડર અને રિટેલ ક્ષેત્રે બ્રાન્ડેડ ફર્નિચર પુરા પાડવાનુ કાર્ય કરે છે. અને હવે પછી ભારતભરમાં ફ્રેન્ચાઈઝી પણ આપશે.

રાષ્ટ્રીય કક્ષાએ ફર્નિચર ક્ષેત્રે ગુજરાત માંથી એવોર્ડ મેળવનાર Mood of Woodના એમડી અરવિંદ શાહને તેઓના મિત્રો અને ચાહકો તરફથી અનેકાનેક અભિનંદન અને અઢળક શુભેચ્છાઓ પાઠવવામાં આવી છે.

# આજે વિશ્વ જળ દિન : પાણીના કુદરતી સ્ત્રોતોને બચાવીએ..

## જળ એ જ જીવન છે : નદી, તળાવ અને સરોવર જેવા કુદરતી પાણીના સ્ત્રોતોને પ્રદૂષિત થતા અટકાવી તેનુ સંવર્ધન કરીએ

ગાંધીનગર, તા. ૨૧

૨૨મી માર્ચનો દિવસ વિશ્વ જળ દિન તરીકે ઉજવાય છે. જળ આપણા માટે જીવન છે. વિશ્વભરમાં હાલમાં ઘણા સ્થળોએ દુષ્કાળ જેવી પરિસ્થિતિનો સામનો કરવો પડી રહ્યો છે ત્યારે આપણે પાણીનું મહત્વ સમજીએ, પાણીના સ્ત્રોતને પ્રદૂષિત થતા બચાવીએ અને તેનુ સંવર્ધન કરીએ તે ખૂબ જરૂરી બન્યુ છે. પાણી આપણો બહુમૂલ્ય વારસો છે, તેનુ સંરક્ષણ અને સંવર્ધન આવનારી પેઢી માટે કરવુ ખૂબ જરૂરી બન્યુ છે. આપણી આસપાસ પાણીના અનેક કુદરતી સ્ત્રોતો છે પરંતુ મનુષ્ય તેને જાળવી શકતા નથી. પાણીનો વ્યર્થ બગાડ ઘણા સ્થળોએ થાય છે. લોકો પાણીનુ મહત્વ સમજે તે હેતુથી વિશ્વ જળ દિવસની ઉજવણી શરૂ થઈ. વિશ્વને પાણીની જરૂરિયાતથી જાગૃત કરવા સંયુક્ત રાષ્ટ્રે વિશ્વ જળ દિવસ મનાવવાની શરૂઆત કરી હતી. ૧૯૯૨માં રિયો ડી જેનેરિયોમાં આયોજીત સંયુક્ત રાષ્ટ્ર સંમેલનમાં વિશ્વ જળ દિવસ મનાવવાની શરૂઆત કરવામાં આવી હતી. એક સમય એવો હતો જ્યારે આપણી આસપાસ નદી, તળાવો અને સરોવર જેવા કુદરતી પાણીના અપાર સ્ત્રોતો હતા. વિશ્વની મોટાભાગની મહાન માનવ સંસ્કૃતિઓનો વિકાસ શુદ્ધ જળના અપાર સ્ત્રોત એવા નદીઓની આસપાસ થયો હતો. પરંતુ વ્યાપક ઔદ્યોગિકરણના કારણે અને નદી, તળાવોની આસપાસ અતિક્રમણના કારણે નદી, તળાવો સુકાતા જાય છે. વિશ્વભરમાં જળસંકટ વધી રહ્યુ છે. આપણા જીવનનો આધાર હોવા છતાં તેનુ મહત્વ વિસરાઈ રહ્યુ છે. શુદ્ધ પાણીના અભાવે વિશ્વની ઘણી મોટી વસ્તી અશુદ્ધ જળનો ઉપયોગ કરવા મજબૂર બની છે. જેના કારણે પાણીજન્ય રોગચાળો વકર્યો છે. જો આપણે આપણા ભવિષ્યને ઉજ્જવળ બનાવવુ હશે તો અત્યારથી જ પાણીના કુદરતી સ્ત્રોતોનુ સંવર્ધન કરવુ પડશે. શુદ્ધ પાણીમાં અનેક પ્રકારનું પ્રદૂષિત પાણી છોડવામાં આવે છે. આ પ્રવૃત્તિને સદંતર બંધ કરવી પડશે. સંયુક્ત રાષ્ટ્રસંઘે વિશ્વને ચેતવણી આપી છે કે પ્રવર્તમાન સંજોગોમાં વિશ્વના કેટલાક પ્રદેશો પાણીની તીવ્ર અછતથી પીડાઈ રહ્યા છે. આગામી સમયમાં આ સ્થિતિને વકરતી અટકાવવા માટે પાણીનો બચાવ કરવામાં નહી આવે તો વિશ્વ માટે એક મોટી મુશ્કેલી ઉભી થઈ શકે તેમ છે. વિશ્વમાં આશરે ૧૨૦ કરોડ લોકોને રોજ પીવાલાયક પાણી મળતી નથી તો સામે પાણીનો એટલો જ વ્યય થાય છે તે અટકાવવો ખૂબ જરૂરી છે.




### વિશ્વમાં પીવાલાયક પાણી માત્ર ૨ ટકા જેટલુ જ

પાણી એ કુદરતનુ અનમોલ ઘરેણું છે. કુદરતની અદ્ભૂત દેન છે. પાણી એવુ કુદરતી પ્રવાહી છે જેને પ્રયોગશાળામાં બનાવી શકાતુ નથી. પૃથ્વી પરના સમુદ્રો તથા મહાસાગરોમાં ૧૩૭૦ મિલિયન ઘનફૂટ જળ છે. જે કુલ જળ જથ્થાના આશરે ૯૭.૨૫ ટકા જેટલુ છે. હિમક્ષેત્રોમાં આશરે ૨.૧ ટકા જેટલો જથ્થો છે, જ્યારે ૧ ટકા જેટલો જળ જથ્થો ભેજ અને સપાટી પરના જળ સ્વરૂપે છે. માનવ અને સજીવ સૃષ્ટિ માટે પીવાલાયક પાણી માત્ર ૨ ટકા જેટલુ જ છે.



આજથી ચૈત્રી નવરાત્રી શરુ થાય છે ત્યારે ભદ્ર માતાજીના મંદિરમા અને માધુપુરા માતાજીના મંદિરમાં દર્શન કરવા માટે ભગતજનોની ભીડ જામેલ છે.

# G:20: ગાંધીનગરમાં ECSWGની બીજી બેઠક ૨૭ થી ૨૯ માર્ચ દરમિયાન યોજાશે

## કેન્દ્રીય મંત્રી શ્રીમતી દર્શના જરદોશ, ભારતના ૨-૨૦ શેરપા શ્રી અમિતાભ કાંત, સુશ્રી લીના નંદન, સચિવ, પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલય, સુશ્રી દેબાશ્રી મુખર્જી, વિશેષ સચિવ, જલશક્તિ મંત્રાલય- જળ સંસાધન, શ્રી સી.પી. ગોયલ,મહાનિદેશક વન અને વિશેષ સચિવ અને શ્રી બિવાશ રંજન, અધિક સચિવ, MoEFCC ઉપસ્થિત રહેશે

ગાંધીનગર, તા.૨૧

માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ, ભારતે G-20નું અધ્યક્ષપદ ગ્રહણ કર્યું ત્યારબાદથી વિવિધ મહત્વપૂર્ણ મુદ્દાઓ પર દેશભરમાં ચર્ચા-વિચારણા કરવામાં આવી રહી છે. પર્યાવરણ અને આબોહવા, ડિઝાસ્ટર મેનેજમેન્ટ અને એનર્જી કન્ઝર્વેશન જેવા વિવિધ ક્ષેત્રો પર કાર્યક્રમોનું આયોજન કરવા માટે ગુજરાતને ગૌરવ પ્રાપ્ત થયું છે, જે G-20ના લક્ષ્યો અને એજન્ડા સાથે સુસંગત છે. તેના ભાગરૂપે, ગુજરાતમાં એનવાયર્નમેન્ટ એન્ડ ક્લાઈમેટ સસ્ટેનેબિલીટી વર્કિંગ ગ્રુપ (ECSWG)ની બીજી બેઠક ગ્રીન સીટી ગાંધીનગરમાં ૨૭ માર્ચથી ૨૯ માર્ચ દરમિયાન યોજાશે.

ECSWGની બીજી બેઠકનો શુભારંભ ઉદ્ઘાટન ભારતના ૨-૨૦ શેરપા શ્રી અમિતાભ કાંત દ્વારા કરવામાં આવશે. ૩-દિવસીય કાર્યક્રમમાં વિવિધ ક્ષેત્રના નિષ્ણાતો અને અધિકારીઓ ઉપસ્થિત રહેશે તેમાં સુશ્રી લીના નંદન, સચિવ, પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલય સુશ્રી દેબાશ્રી મુખર્જી, વિશેષ સચિવ, જલશક્તિ મંત્રાલય- જળ સંસાધન, શ્રી સી.પી. ગોયલ,મહાનિદેશક વન અને વિશેષ સચિવ, શ્રી બિવાશ રંજન, અધિક મહાનિદેશક, પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલય (MoEFCC), સુશ્રી રિચા શર્મા, અધિક સચિવ, MoEFCC ડૉ. એમ. રવિચંદ્રન, સચિવ, પૃથ્વી વિજ્ઞાન મંત્રાલય (MoES); શ્રી નરેશ પાલ ગંગવાર, અધિક સચિવ, MoEFCC; ડૉ. પૂર્વજા રામચંદ્રન, ડાયરેક્ટર, નેશનલ સેન્ટર ફોર સસ્ટેનેબલ કોસ્ટલ મેનેજમેન્ટ (NCSCM); શ્રી જી અશોક કુમાર, ડીજી, નેશનલ મિશન ફોર ક્લીન ગંગા (NMCG); શ્રી કુશવિન્દર વોહરા, અધ્યક્ષ, સેન્ટ્રલ વોટર કમિશન (CWC) તેમજ શ્રી વિકાસ શીલ, AS અને MD, JJM DoDW&S સહિતના અધિકારીઓનો સમાવેશ થાય છે.

ટ્રોઈકા (ઈન્ડોનેશિયા અને બ્રાઝિલ), યુનાઈટેડ નેશન્સ કન્વેન્શન ટુ કોમ્બેટ ડેસર્ટિફિકેશન (UNCCD), ઈન્ટરનેશનલ યુનિયન ફોર કોન્ઝર્વેશન ઓફ નેચર (IUCN), ઈન્ડિયન કાઉન્સિલ ફોર ફોરેસ્ટ્રી રિસર્ચ એન્ડ એજ્યુકેશન (ICFRE), નેશનલ સેન્ટર ફોર સસ્ટેનેબલ કોસ્ટલ મેનેજમેન્ટ (NCSCM), યુનાઈટેડ નેશન્સ ડેવલપમેન્ટ પ્રોગ્રામ (UNDP) અને ઈન્ડિયન નેશનલ સેન્ટર ફોર ઓશિયન ઈન્ફોર્મેશન સર્વિસિસ (INCOIS)ના પ્રતિનિધિઓ પણ આ પ્રસંગે ઉપસ્થિત રહેશે.

# રાહુલ ગાંધી આવતીકાલે સુરત કોર્ટમાં હાજર થશે

સુરત, તા.૨૧

ભાજપના ધારાસભ્ય અને પુર્વ મંત્રી પુર્ણેશ મોદીએ કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી પર માનહાનિનો કેસ નોંધાવ્યો છે. કોંગ્રેસના પુર્વ અધ્યક્ષ અને સાંસદ રાહુલ ગાંધીએ મોદી અટક પર કરેલી ટિપ્પણી બાબતે સુરત ખાતે કેસ નોંધાવ્યો છે જેમા સુરત શહેરની કોર્ટમાં આગામી ૨૩ માર્ચના રોજ નિર્ણય કરવામાં આવશે. આ દરમ્યાન રાહુલ ગાંધી કોર્ટમાં હાજર રહેશે. જેમાં ૨૦૧૯ની લોકસભાની ચૂંટણી પ્રચાર દરમ્યાન રાહુલ ગાંધીએ કર્ણાટકમાં તેમના ભાષણમાં કહ્યુ હતુ કે, 'બધા ચોરની અટક મોદી કેમ હોય છે?' જેથી મોદી અટક વિશે આવુ નિવેદન કરવાના કારણે કેસ નોંધવામાં આવ્યો હતો.

કોંગ્રેસના પુર્વ અધ્યક્ષ અને સાંસદ રાહુલ ગાંધીએ મોદી અટક પર કરેલી ટિપ્પણી મામલે પુર્વ મંત્રી પુર્ણેશ મોદીએ સુરત ખાતે માનહાનિનો કેસ નોંધાવ્યો છે જેમા સુરત શહેરની કોર્ટમાં આગામી ૨૩ માર્ચના રોજ નિર્ણય કરશે. વાત એવી છે કે વર્ષ ૨૦૧૯ની લોકસભાની ચૂંટણી દરમ્યાન રાહુલ ગાંધીએ કર્ણાટકમાં તેમના ભાષણમાં કહ્યુ હતુ કે, 'બધા ચોરની અટક મોદી કેમ હોય છે?' રાહુલ ગાંધીના આવા નિવેદનથી સમગ્ર મોદી સમાજની ગરીમાને ઠેસ પહોચી છે. જેથી સુરત શહેરના ચીફ જયુડિશિયલ મેજિસ્ટ્રેટ એચ.એચ વર્માની કોર્ટમાં લાંબા સમયથી સુનાવણી ચાલી રહી છે.

# દેશદ્રોહ નહીં રાજદ્રોહનો કેસ હતો: હાર્દિક પટેલ

## જે લોકોને રાજદ્રોહની કલમ લાગે છે તે આજે દેશભક્તિની વાતો કરે છે, કોંગ્રેસના ધારાસભ્ય સી.જે.ચાવડાનો પાટીદાર નેતા પર કટાક્ષ

ગાંધીનગર, તા.૨૧

૨૦૧૫માં પાટીદાર આંદોલન કરીને અનામતની માંગ કરનારા હાર્દિક પટેલ કોંગ્રેસમાં જોડાયા બાદ ભાજપમાં જોડાયા હતાં અને હવે ધારાસભ્ય બની ગયાં છે. ૨૦૧૫માં ગુજરાતની શાંતિ અને સલામતિને ડહોળનાર આ હાર્દિક પટેલે આજે વિધાનસભામાં રાજયના ગૃહ વિભાગની કામગીરીની પ્રશંસા કરી છે. હાર્દિક પટેલે વિધાનસભા ગૃહમાં કહ્યું હતું કે, ૨૨ વર્ષ પહેલાં ગુજરાતની સ્થિતિ કેવી હતી. આજે આનંદ થાય છે કે ભાજપ સરકાર છેલ્લા પાંચ વર્ષમાં મજબૂતીથી આગળ વધી છે અને ગુજરાતને ટેકનોલોજીમાં ખૂબજ આગળ વધાર્યું છે. હાર્દિક પટેલે ગૃહ વિભાગની પ્રશંસા કર્યા બાદ કોંગ્રેસના ધારાસભ્ય સી.જે.ચાવડાએ રાજયની પોલીસને અભિનંદન આપ્યા હતાં. તેમણે કટાક્ષ કરતાં કહ્યું હતું કે, જે લોકોને રાજદ્રોહની કલમ લાગે છે તે આજે દેશભક્તિની વાતો કરે છે. તેમને હાર્દિકે જવાબ આપ્યો હતો કે, મારા વિરૂદ્ધ દેશદ્રોહ નહીં પણ રાજદ્રોહ હતો અમારી દેશભક્તિ કોંગ્રેસને ક્યાંથી ખબર હોય. અમે સરદારના વંશજ છીએ જે કોંગ્રેસ સરદારને ગણતી નથી.

# ટોયોટા તરફથી નવી હિલક્સની રજુઆત




અમદાવાદ, તા.૨૧

તાજેતરમાં જ ઈન્ફીનીયમ ટોયોટા તરફથી હિલકસ બુટ કેમ્પમાં એડવેન્ચર્સ અને પરિપૂર્ણ એવી જબરજસ્ત કાર બજારમાં રજુ કરવામાં આવી છે. અમદાવાદના શેલા ખાતેના શોરૂમમાં હિલકસ લોન્ચિંગ સમારોહ યોજાઈ ગયો. ટોયોટાના અધિકૃત પ્રવકતના જણાવ્યા મુજબ આ નવી હિલકસ શહેરના રસ્તાઓ હોય કે પર્વતાળ પ્રદેશ હોઈ.. હંકારવામાં ખુબ જ આનંદ આપે છે. જે પાવરફુલ અને સક્ષમ છે. ઈન્ટીરીયર આકર્ષક અને આરામદાયક સોફટ લેધર બેઠકો ધરાવે છે અને વિવિધ મેટાલિક રંગોમાં પણ ઉપલબ્ધ છે. જેમાં અકસ્માત સમયે બચાવ માટે સાત એસઆરએસ બેગ્સ છે. ઉપરાંત ફ્રન્ટ પાર્કીંગ સેન્સર્સ એમઆઈડી ઈન્ડીકેશન છે. આરામદાયક સ્ટીયરીંગ હંકારવામાં એકધારો કંટ્રોલ જાળવે છે ઉપરાંત ડયુઅલ ઝોન ઓટો એસી ગરમીનો અહેસાસ થવા દેતું નથી.

૧૯૬૮થી આજ સુધીમાં રજુ થયેલ ટોયોટાના વાહનોમાં હિલકસ પર્ફોર્મન્સમાં શ્રેષ્ઠ છે. તેની અત્યાધુનિક ઈન્ટીરીયર અને બાહ્ય વિશેષતાઓ અત્યાર સુધીના મોડેલોમાં શ્રેષ્ઠતમ છે. ૪૦૦ડી ઓટો લિમિટેડ સ્લીમ લાક્ષણિક છે. ટ્રાન્સમિશન ઈન્ટેલીજન મેન્યુઅલ ટ્રાન્સમિશન સાથે ૬એમટી ધરાવતાં ૬એટી પારંપરિક શીફટ વત્તા શીફટલોક ધરાવે છે.

ટુંકમાં જેમને કંઈક નવું જોઈએ છે, તેમના માટે ટોયોટાની આ નવી હિલકસ ડ્રાઈવિંગ દરમિયાન જબરજસ્ત રોમાંચ પૂરો પાડશે.

## ૬ કેસ નોંધાયા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગામેથી ૬૨ વર્ષીય પુરૂષ અને સે. ૩૦માંથી ૨૬ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે બન્ને દર્દીઓ કોઈ ટ્રાવેલ હિસ્ટ્રી ધરાવતા નથી જો કે બન્ને કેવી રીતે સંક્રમિત થયા તે અંગેનું ચોક્કસ કારણ હજુ સુધી પ્રાથમિક તપાસમાં જણાયુ નથી.

શહેરમાં છુટાછવાયા કોરોનાના કેસો મળી રહ્યા છે પરંતુ પરિસ્થિતિ નિયંત્રણ હેઠળ હોવાનું તંત્રના સૂત્રો કહી રહ્યા છે. આજે નોંધાયેલ બન્ને દર્દીએ હળવા લક્ષણો હોવાથી હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે.

શહેરમાં જે ગતિએ કેસો મળી રહ્યા છે તેને લઈ તંત્રએ પરિસ્થિતિ પર સતર્કતા સાથે ચાંપતી નજર રાખવા તેમજ ટેસ્ટીંગના પ્રમાણમાં વધારો કરવા માટે સૂચના આપી છે. આજે નોંધાયેલ બે કેસ સાથે શહેરમાં પણ કોરોનાના કેસોની સંખ્યા ડબલ ડીજીટમાં પહોચી ચુકી છે તેથી તંત્રની ચિંતામાં વધારો થયો છે.

## આકસ્મિક નિધન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અંતિમક્રિયા કરાઈ હતી. અત્રે ઉલ્લેખનીય છે કે ડો.સોનલ મેવાડાએ એલએલએમ અને કો-ઓપરેટીવ મેનેજમેન્ટ વિષયે હાયર ડિપ્લોમા કરવા સાથે ઓબીસી અનામત વિષયે પીએચડી પણ કર્યુ હતુ. તેઓ તેમની પાછળ પતિ ડો.દિલીપ.મેવાડા અને પુત્ર લવ મેવાડા સહિત પરિવારજનોને રડતાં મુકી ગયાં છે. સદગતનું બેસણું ચૈત્રી નવરાત્રીના સમાપને તા.૨જી એપ્રિલે સવારે ૯થી ૧૨ કલાક દરમ્યાન ગાંધીનગરના સેક્ટર-૧૨માં વિશ્વકર્મા સમાજ હોલ ખાતે રાખવામાં આવ્યું છે.

## ૫૦ કેસનો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગાંધીનગરમાં રહેણાંકને લાયક સરકારી આવાસોની ઘટ છે જયારે સેકટરોમાં જોખમી મકાનો તોડવા માટે પણ તબક્કાવાર મંજુરી આપવામાં આવી રહી છે. જેના લીધે જુના અને જોખમી મકાનોનો કડુસલો કરી જગ્યા ખુલ્લી કરવામાં આવી રહી છે. જુના અને કંગાળ આવાસોનો નિકાલ કરી તબક્કાવાર નવા મકાનો પણ બાંધવામાં આવી રહ્યા છે. હાલ સે- ૬ માં અને સે-૨૯ માં પણ નવા મકાનો બાંધવાની યોજના પ્રગતિ હેઠળ છે. પ્રથમ તબક્કામાં સે- ૭ સે-૩૦ અને સે- ૬ માં પણ નવા મકાનો બાંધવામાં આવ્યા હતા જયારે આગામી દિવસોમાં નવા મકનો બાંધવા માટે સાઈટ નક્કી થયા બાદ આગળ કામગીરી હાથ ધરાશે જો કે હાલ સેકટરોમાં વિવિધ કક્ષાના બ્લોકનુ મજબુતીકરણ પણ હાથ ધરવામાં આવ્યુ છે. જેથી સરકારી આવાસોની ઘટ નિવારી શકાય એકબાજુ રહેણાંકને લાયક મકાનો ઓછા છે ત્યારે બીજીતરફ શહેરના સેકટરોમાં સ્થિત વિવિધ કક્ષાના સરકારી આવાસો અનઅધિકૃત કબજા હેઠળ હોવાનો કકળાટ પણ સમયાંતરે ઉઠતો રહે છે. અગાઉ તંત્ર દ્વારા આ મામલે સ્થળ તપાસ પણ હાથ ધરવામાં આવી હતી જેના અંતે પેટાભાડુઆતો પણ ઝડપાયા હતા જયારે બદલી , નિવૃતિ અને અવસાનના કિસ્સામાં પણ અન અધિકૃત કબજેદારોનો વસવાટ હોવાથી શહેરમાં સરકારી આવાસોની ઘટનો પ્રશ્ન વધુ જટીલ બન્યો છે. જેના લીધે તંત્ર દ્વારા તપાસ ઝુંબેશ પણ હાથ ધરવામાં આવે છે. જયારે અનઅધિકૃત આવાસો ખાલી કરવા માટે નોટીસ પણ આપવામાં આવે છે. જયારે નોટીસના અંતે પણ મકાનો ખાલી ન થતા આખરે કોર્ટ કેસ દાખલ કરવા સુધીના પણ પગલા લેવાય છે. પાટનગર યોજના વિભાગ કક્ષાએથી અત્યાર સુધી અંદાજિત ૩૨૫ થી વધુ કિસ્સામાં કોર્ટ કેસ દાખલ કરવામાં આવ્યા હતા જયારે ઈવિકશન કોર્ટમાં આ ઘણાં કેસ લાંબા સમયથી પેન્ડીંગ હોવાનો સુર પણ ઉઠવા પામ્યો હતો જો કે હવે ઈવિકશન કોર્ટમાં પેન્ડીંગ કેસના નિકાલ માટે ઝડપથી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. જે પૈકી ૫૦ કેસનો નિકાલ કરી દેવાયો છે. જયારે બાકીના અન્ય કેસનો પણ ઝડપથી નિકાલ થાય તે દીશામાં કામગીરી હાથ ધરવામાં આવી છે. શહેરના સેકટરોમાં સ્થિત જુદી જુદી કક્ષાના સરકારી આવાસોને અનઅધિકૃત કબજેદારોની ચુંગાલમાંથી મુકત કરાવવા માટે તંત્રએ કડક કાર્યવાહી હાથ ધરી છે. આ મામલે આગામી દિવસોમાં સ્થળ તપાસ પણ હાથ ધરવામાં આવશે.

## સ્માર્ટ શાળા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ભુમિપુજનની વિધી પણ કરવામાં આવી હતી. જયારે આ શાળાને હજુ સુધી સ્માર્ટ શાળાના કન્સેપ્ટમાંથી દુર રખાતા આ મામલો શિક્ષણમંત્રી સુધી પહોંચ્યો છે. સે-૨ ની સરકારી પ્રાથમિક શાળાને સ્માર્ટ બનાવવા માટે વોર્ડ નં - ૯ ના નગરસેવક તેમજ વસાહત મંડળના પ્રયાસોથી શાળાને આ યોજના હેઠળ સમાવિષ્ટ કરવામાં આવી હતી જો કે ત્યારબાદ મેયર, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન કોર્પોરેટરો અને વસાહત મંડળના પદાધિકારીઓ, શાસનાધિકારીની હાજરીમાં ભુમિપુજન કરવામાં આવ્યુ હતુ. શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને પણ જરૂરી તમામ સુવિધાઓ ઉપલબ્ધ કરાવાશે તેવી જાહેરાત પણ કરવામાં આવી હતી. સ્માર્ટ શાળા માટે મહાનગરપાલિકા કક્ષાએથી ગ્રાન્ટ પણ ફાળવવામાં આવી હતી જયારે વિદ્યાર્થીઓની બેઠક વ્યવસ્થા માટે શેડ પણ બનાવાયો હતો. જયારે આ જરૂરી તમામ પ્રક્રીયા બાદ સે-૨ ની શાળાને સ્માર્ટ શાળા બનાવાની યોજના પડતી મુકાતા સ્થાનિકોમાં પણ આક્રોશ પ્રવર્તયો હતો જયારે નગરના શિક્ષણવિદોએ પણ આ મામલે રોષની લાગણી વ્યકત કરી હતી. જો કે આ મામલે તપાસ કરવા માટે શિક્ષણમંત્રીને પણ રજુઆત કરવામાં આવી હતી. જેના અંતે શિક્ષણમંત્રી કુબેરભાઈ ડીંડોરે પ્રાથમિક શિક્ષણ નિયામકને તપાસ કરવા તેમજ શાળાને સ્માર્ટ બનાવાની યોજનાને સમાવવા માટે લેખિતમાં સુચના આપી છે. શિક્ષણમંત્રીએ આપેલા આદેશ મુદ્દે હવે સરકારી તંત્ર પણ આગળ ગંભીરતાથી રસ દાખવી કાર્યવાહી હાથ ધરાય છે કે કેમ તે પણ આગામી સમયમાં સ્પષ્ટ થઈ જશે.

## વિધાનસભામાં

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

૨૦૨૨-૨૩માં ૪૫૪ બાળકોએ પ્રવેશપાત્ર હતા. જેમાંથી ૨૦૨૨-૨૩માં ૧૬૨૮ બાળકો અને શહેરમાં ૪૨૪ બાળકોએ પ્રવેશ મેળવ્યો હતો. આર.ટી.ઈ. ઓનલાઈન પ્રવેશપ્રક્રિયા અંતર્ગત ઓનલાઈન પ્રવેશ ફાળવ્યા મુજબની તમામ શાળાઓએ પ્રવેશ વિદ્યાર્થીઓને આપેલ હોઈ પગલાં લેવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

● **ગરીબી રેખા નીચે જીવતા પરિવારો**

વિજાપુરના કોંગી ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડાએ ૩૧-૧૨-૨૨ની સ્થિતિએ ૦ થી ૧૬ અને ૧૭ થી ૨૦ ગુણાંકવાળા પરિવારોની સંખ્યા અંગે પુછેલા પ્રશ્નના ઉત્તરમાં ગ્રામ વિકાસમંત્રીએ જણાવ્યુ છે કે ગાંધીનગર જિલ્લામાં ૦ થી ૧૬ ગુણાંક ધરાવતા પરિવારોની સંખ્યા ૧૩૮૬૪ છે જ્યારે ૧૭ થી ૨૦ ગુણાંક ધરાવતા પરિવારોની સંખ્યા ૩૦,૬૯૦ છે.

સભ્યના પૂરક પ્રશ્નના ઉત્તરમાં મંત્રીએ જણાવ્યુ છે કે ૧-૧-૨૧ થી ૩૧-૧૨-૨૧ દરમ્યાન ૩ પરિવારોનો વધારો થયો છે જ્યારે ૧-૧-૨૨ થી ૩૧-૧૨-૨૨ દરમ્યાન ૧ પરિવારનો વધારો થયો છે.

● **અને છેલ્લે...**

શિક્ષક યોગ્યતા કસોટી ટેટ-૧ની પરીક્ષા મે-જૂન-૨૦૨૩માં યોજવાનું આયોજન હોવાનું શિક્ષણમંત્રીએ ડૉ. સી.જે. ચાવડાના લેખિત પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યુ છે.

## રાજકીય પાર્ટી

● અનુસંધાન પહેલાનું ચાલુ

તેમણે લખ્યું છે કે, ભાજપની ચૂંટણીમાં સફળતા દર્શાવે છે કે તેના વિચારધારાઓ દ્વારા રાષ્ટ્રના પુનઃનિર્માણના વિચાર સાથે દાયકાઓથી શરૂ કરવામાં આવેલ અભિયાન હવે સફળ થઈ રહ્યું છે. આધુનિકીકરણની હિંદુ રીત હવે ભાજપ દ્વારા દેશને આગળ લઈ જઈ રહી છે. આ લેખમાં ભાજપની સરખામણી મધ્ય પૂર્વમાં મુસ્લિમ બ્રધરહુડ સાથે કરી હતી. આ લેખમાં લખ્યું છે કે, 'મુસ્લિમ બ્રધરહુડની જેમ ભાજપ પશ્ચિમી ઉદારવાદને નકારે છે. જોકે તે આધુનિક યુગની મોટાભાગની વસ્તુઓ સ્વીકારે છે.